સ્વજન હોય તે ક્ષમા કરે, સંભરામણી ન કરે, પ્રેમ સભર આશ્વાસન આપે, ન્યાય ન કરે
- એસ. ભટ્ટાચાર્ય

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

ઈ-પેપર gandhinagarsamachar.com

વર્ષ : (૨૭) અંક નં. ૨૫ | ૫ એપ્રિલ ૨૦૧૨, ગુરૂવાર, ચૈત્ર સુદ - ૧૩ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૨૦


# વિધાનસભા ચૂંટણીઓ માટે તંત્રએ તૈયારી આરંભી

## ચૂંટણી પંચે જિલ્લામાં ચૂંટણીની ખાલી જગ્યાઓ અંગેની વિગતો તથા કર્મચારીઓની જરૂરિયાત સહિતની તમામ બાબતોની વિગતોનો અહેવાલ એક માસમાં મોકલવા તાકિદ કરાઈ : જિલ્લા ચૂંટણી અધિકારીઓને અલાયદો એક્શન પ્લાન ઘડવા વિશેષ સૂચના

ગાંધીનગર, તા. ૪

આ વર્ષે રાજ્ય વિધાનસભાની યોજાનારી સામાન્ય ચૂંટણીઓ અંગે ચૂંટણીપંચે તેની કવાયતો આરંભી દીધી છે અને ચૂંટણીની ખાલી જગ્યાઓ અંગેની વિગતો તેમજ કર્મચારીઓની જરૂરિયાત સહિતની બાબતો અંગેનો અહેવાલ એક માસમાં તૈયાર કરી પંચને મોકલી આપવા જણાવવામાં આવ્યું છે.

ગઈકાલે જિલ્લા ચૂંટણી અધિકારીઓ અને નાયબ જિલ્લા ચૂંટણી અધિકારીઓ તેમજ વિધાનસભાના ચૂંટણી અધિકારીઓની એક વિસ્તૃત બેઠક મળી હતી. જેમાં વિધાનસભાની ચૂંટણીઓ અંગેની તૈયારીઓ આરંભી દેવા માટે જણાવવામાં આવ્યું છે.

ગુજરાતમાં તાજેતરમાં સંપન્ન થયેલ માણસા વિધાનસભાની પેટા-ચૂંટણી બાદ હવે વિધાનસભાની સામાન્ય ચૂંટણી માટે પણ મતદાર-જાગૃત્તિ અને મતદાર શિક્ષણ અભિયાનનો નવતર પ્રયોગ રાજ્યમાં હાથ ધરવામાં આવનાર છે. આ માટે દરેક જિલ્લા ચૂંટણી અધિકારીઓને અલાયદો એકશન પ્લાન તૈયાર કરવા માટે વિશેષ સૂચનાઓ આપવામાં આવી છે. આ પ્લાન મે ના અંત સુધીમાં તૈયાર કરી દેવાશે અને આ પછી જિલ્લાકક્ષાએ આ સંદર્ભે ચૂંટણીઓ પૂર્વે વિવિધ કાર્યક્રમોનું આયોજન પણ કરવામાં આવશે.

મળતી વિગતો પ્રમાણે આ બેઠકમાં સ્વચ્છ મતદાર યાદી પર વિશેષ ભાર મુકવામાં આવ્યો હતો. ખાસ કરીને ૨૦૧૨ની વસ્તી ગણતરીના પ્રાથમિક તારણો જ્યારે મળી ગયા છે ત્યારે નોંધાયેલ મતદારોની ટકાવારી જ્યાં ઓછી જણાઈ છે ત્યાં હવે પછી પંચ દ્વારા જ્યારે મતદાર યાદીસુધારણા કાર્યક્રમ જાહેર થાય ત્યારે તેના પર વિશેષ ધ્યાન આપવામાં આવે તેવી સ્પષ્ટ સૂચનાઓ આપવામાં આવી છે.

આ બેઠકમાં જેન્ડર રેસિયાને લઈ પણ ગંભીર ચર્ચાઓ થઈ હતી. જે બુથો અથવા તો વિસ્તારોમાં ૯૦૦ થી ઓછો સ્ત્રી જન્મદર નોંધાયો હોય તેવા વિસ્તારો તેમ જ બુથો અને ૯૪૦ થી વધુ નોંધાયો હોય તેવા વિસ્તારોમાં બુથ લેવલ ઓફિસરો દ્વારા સઘન તપાસ કરાવવા માટેની સૂચનાઓ પણ આપવામાં આવી હતી.

આ બેઠકમાં જે વિસ્તારમાં ૫૦ ટકાથી ઓછા મતદારો વસ્તીના પ્રમાણમાં નોંધાયા હોય તેવા વિસ્તારો અંગે પણ વિસ્તૃત વિગતોસાથે અહેવાલ રજુ કરવા જણાવવામાં આવ્યું હોવાનું જાણવા મળેલ છે. ત્રણ વર્ષ કરતાં વધુ સમયથી એક જ

● અનુસંધાન પાન-૭ પર

## જિલ્લાનાં ૧૦૦ બુથોમાં જેન્ડર રેશિયો ઓછો યુવા મતદારોની સંખ્યા પણ ૨.૩૦ ટકા જ છે

ગાંધીનગર, તા. ૪

ગાંધીનગર જિલ્લામાં ૧૦૦ જેટલા બુથો એવા છે જ્યાં જેન્ડર રેસિયો પ્રમાણમાં ઓછો જણાયો છે જ્યારે બે જેટલા વિસ્તારો એવા છે જ્યાં વસ્તીના પ્રમાણમાં નોંધાયેલા મતદારોની સંખ્યા ૫૦ ટકા જેટલી જ જણાઈ છે.

જિલ્લા તંત્ર દ્વારા આ અંગે આગામી દિવસોમાં આ બાબતે અભ્યાસ કરીને અહેવાલ ચૂંટણી પંચને મોકલી આપવામાં આવશે તેમ જાણવા મળેલ છે.

જિલ્લામાં આમ તો વસ્તીના પ્રમાણમાં મતદારો નોંધાયેલાનું પ્રમાણ ૬૩ ટકા જેટલુ જોવા મળ્યું છે. જો કે યુવા મતદારોનું પ્રમાણ માત્ર ૨.૩૦ ટકા જેટલું છે જે ખરેખર ૩.૫૦ ટકા જેટલુ હોવું જોઈએ તેથી આગામી મતદારયાદી સુધારણામાં નવા યુવા મતદારોની નોંધણી પર પણ વિશેષ ધ્યાન આપવામાં આવશે તેવા સંકેતો જિલ્લાતંત્રના સૂત્રોમાંથી મળી રહ્યા છે. જિલ્લામાં પાંચ વિધાનસભા મતવિસ્તારના ૧૧૧૨ બુથો છે.

## ૧લી મેથી ગાંધીનગર કલેકટર કચેરીમાં મતદાર સહાયતા કેન્દ્ર કાર્યરત થશે

ગાંધીનગર, તા.૪

ગાંધીનગર જિલ્લામાં આગામી ૧લી મે થી મતદાર સહાયતા કેન્દ્ર જનસેવા કેન્દ્રની સાથે શરૂ કરવામાં આવશે.

આ મતદાર સહાયતા કેન્દ્રમાંથી બારેમાસ મતદાર યાદીમાં નામ નોંધાવવાની તથા નામ કમી કરાવવા અંગેના ફોર્મ તેમજ ફોટો ઓળખકાર્ડના વિતરણ સહિતની કામગીરી હાથ ધરવામાં આવશે.

આ મતદાર સહાયતા કેન્દ્ર અગાઉ અમદાવાદ ખાતે શરૂ કરવામાં આવ્યું હતું અને તેને મળેલા સારા પ્રતિસાદ પછી હવે ગાંધીનગર ખાતે ૧લી મે થી આવું મતદાર સહાયતા કેન્દ્ર શરૂ કરવામાં આવનાર છે. આ માટેનું સંપૂર્ણ આયોજન તૈયાર કરવામાં આવી રહ્યું હોવાનું જિલ્લા તંત્રના સૂત્રએ જણાવ્યું છે. ગાંધીનગર જિલ્લામાં પાંચ વિધાનસભા મતવિસ્તારો આવેલા છે. આ મતદાર સહાયતા કેન્દ્ર પર વિધાનસભાના પાંચેય મત વિસ્તારોની નામ નોંધણીની કામગીરી થશે.



ગાંધીનગર શહેર એક સમયે હરિયાળા શહેર તરીકેની તેની આગવી ઓળખ ધરાવતુ હતુ. આ હરિયાળા શહેરને કોણ જાણે કોની નજર લાગી કે તે છાપ પણ ભૂસાવા લાગી અને એટલી હદ સુધી કે હવે વૃક્ષોનું ટ્રીમીંગ તો ઠીક પણ તેની જાળવણી માટે પણ પુરતી કાળજી લેવામાં આવતી નથી. 'ગ' રોડ પર આવા નમી પડેલા વૃક્ષો ક્યારેક માર્ગ હોનારતનું કારણ બનશે તેવું લોકજીભે ચર્ચાઈ રહ્યું છે. પર્યાવરણની જાળવણીના મુદ્દે પાટનગરમાં જ તંત્રની ઉદાસીનતા હદ વટાવી રહી છે. (તસવીર : દિપક જાની)

## નારદીપુર ખાતે હાટકેશ્વર જયંતિ ઉજવાશે

નારદીપુર, તા. ૪

કલોલ તાલુકાના નારદીપુર



ખાતે હાટકેશ્વર જયંતિની ઉજવણીના ભાગરૂપે હાટકેશ્વર મંદિર ખાતે લઘુરુદ્રનું આયોજન કરવામાં આવ્યું છે. આ પ્રસંગે નારદીપુરના નાગર પરિવારો ઉપસ્થિત રહેનાર છે.

ગાંધીનગર ખાતે વિસનગરા નાગર પરિવાર દ્વારા હાટકેશ જયંતિની ધામધુમથી ઉજવણી કરાશે. શોભાયાત્રા, લઘુરૂદ્ર તથા ભગવાનની પધારમણીના કાર્યક્રમોનું આયોજન કરાયું છે. શોભાયાત્રા સે.૧૭ નર્મદેશ્વર મંદિરથી નીકળી સે.૨૨ શોપીંગ, પંચદેવ મંદિર થઈ પરત ફરશે.

## બેસણું



મારા ધર્મપત્ની **શ્રીમતી કમળાબેન વ્યાસનું** દુઃખદ અવસાન તા. ૨-૪-૨૦૧૨નો સોમવારે સાંજે થયેલ છે. **સદ્દગતનું બેસણું તા. ૫-૪-૨૦૧૨ને ગુરૂવારે સવારે ૯ થી ૧૧** દરમિયાન નીચેના સ્થળે રાખેલ છે.

**સ્થળ : સૌરાષ્ટ્ર પટેલ વાડી, સેક્ટર-૭, ગાંધીનગર**

લિ.
**બચુભાઈ મોહનલાલ વ્યાસ**
(શ્રદ્ધા ગારમેન્ટ્સ વાળા)

**મયુરી જે. વ્યાસ**
(પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ)
**નયના એસ. વ્યાસ**
**માધવી એન. વ્યાસ**
**ભારતી એન. ભટ્ટ**
**ભાવના યુ. ધોળકીયા**

**જ્યોતિન્દ્ર બી. વ્યાસ**
(પૂજા પાર્લર, ગાંધીનગર)
**શરદ બી. વ્યાસ**
બિલ્ડર/બેન્ક ઓફ ઈન્ડિયા)
**નિતુભાઈ બી. વ્યાસ**
(બાલાજી વેફર્સવાળા)
**નિખિલકુમાર ભટ્ટ**
(ના. કાર્યપાલક ઈજનેર, નિવૃત્ત)
**ઉદયકુમાર ધોળકીયા**
(એડવોકેટ)


Doll plast Can provide Solution of Burning Problems of Mixed Plastics Waste. (Municipal Waste)
Plasticon AWARD WINNER COMPANY
Doll plast MACHINERY INC. DEFINITION OF RECYCLING
MFRS. & Exporters of Plastic Waste Recycling Machinery
પ્લાસ્ટીકના કચરામાંથી ફર્નીચર, ગાર્ડન બેન્ચ, બારી-બારણાની ફ્રેમ બની શકે છે.
Received National Awards For the Year 2011.
2 Two Awards from Govt.of India Department of Chemicals & Petrochemicals, Ministry of Chemicals & Fertilizers
Dollplast Launched Its Eco-Friendly Product "PLASTWUD"
Plasticon Award 2012 Award (Gold Trophy) for Innovation In Recycling Technology
Plot No. 496, Bhagyalaxmi Indl. Estate, Nr. Manpasand Weigh Bridge, RAKANPUR-382721, (Sola-Science City-Santej Road), Ahmedabad. (West) Guj. (INDIA)
Phone : 91-2764-268177-268179 • Tele Fax : 91-2764-268179 • Mobile : +91-9825229064, +91-9825009064
E-mail : dollplast@dollplast.com, dollplast@sancharnet.in • Website : www.dollplast.com

ગાંધીનગરમાં ફોક્સવેગનનો ભવ્ય લોન તથા એક્ષચેન્જ કાર્નીવલ
www.volkswagen.co.in
Volkswagen. Das Auto.
The drama and the passion of the IPL now have a new venue.
MOBILITY MAX
વેન્ટો ડીઝલ તથા પોલો ડીઝલ હાજરમાં ઉપલબ્ધ
લોન કમ એક્ષચેન્જ કાર્નીવલ : બુધવાર-ગુરૂવાર (તા. ૪ - ૫ એપ્રીલ)
સ્થળ : ફોક્સવેગન કર્ણાવતી, પ્લોટ નં. ૧૦૦૨, જી.આઈ.ડી.સી., ડી. એસ. પી. ઓફીસની સામે, સે. ૨૮, ગાંધીનગર. M : 9925005642
Special offer for Doctors, Government employees, Insurance company employees and selected Corporates. *Terms and conditions apply. Accessories shown and features listed may not be part of standard equipment. All offers from Volkswagen dealer. For further details, please visit our dealership at:
Volkswagen Karnavati, Parklane Cars Pvt.Ltd. (Punjab Automobiles Group), 75, Brahma Kshatriya Society, Gujarat College Road, Ellis Bridge, Ahmedabad - 380006 Phone : 079 - 31901100.

સેમ્પલ હાઉસ તૈયાર 3 BHK ના લકઝુરીયસ બંગલોઝ
Royal-II BOOKING OPEN
• NANOC ટાઈટલ કલીયર • ૨૪ કલાક પાણી • લેન્ડ સ્કેપીંગ ગાર્ડન • લોન પેપર્સ ઉપલબ્ધ
શિલ્પ પ્રોપર્ટી ડેવલોપર્સ ન્યુ વાવોલ, ઉવારસદ રોડ, ગાંધીનગર. 97129 55733

સેમ્પલ હાઉસ તૈયાર હવે થશે સાકાર આપણું પોતાનું ઘર...
BOOKING OPEN
2 રૂમ-રસોડાના ફલેટ (લિફ્ટ સાથે)
AKSHAR HOMES
ન્યુ વાવોલ-ઉવારસદ રોડ, રોયલ-II ની બાજુમાં, વાવોલ, ગાંધીનગર.
લોન પેપર્સ ઉપલબ્ધ. 98983 94342
NANOC ટાઈટલ કલીયર | ૨૪ કલાક પાણી | વેલ-ડેવલપ ગાર્ડન | સિક્યુરીટી